ક્રમાંક : ધ/માધ્ય/પરચ/પડતર કેસો/૨૦૧૭/ 19202 - 35

નિયામક શાળાઓની કચેરી.
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. 08/05/૨૦૧૭

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : રહેમરાહે સહાય , મેડીકલ બીલો, પેન્શન અને સી.પી.એફ નંબરના પડતર કેસોની કાર્યવાહી કરવા અંગેના કાર્યક્રમ બાબત.

ઉપરોકત વિષય પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને બિન શૈક્ષણિક કર્મચારીઓના (૧) રહેમરાહે ઉચ્ચક નાણાંકીય સહાયના કેસો (૨) તબીબી બીલોના સારવારના મંજૂરીના કેસો (૩) નવી વર્ધિત પેન્શન યોજનાના ખાતા નંબર અને પ્રાણ નંબર ફાળવવાના કેસો (૪) પશ્ચાદવર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિ/પેન્શન કેસોની દરખાસ્તમાં ઘણી અધૂરાશો હોવાથી વારંવાર પૂર્તતા ની આવશ્યકતા ઉભી થાય છે જેને કારણે અરજદારોને સમયસર નાણાં/ખાતાનંબર ફાળવવામાં અથવા પેન્શન મંજૂર કરવામાં વિલંબ પણ થાય છે.

આ બાબતની સરકાર કક્ષાએ ગંભીર નોંધ લેવામાં આવેલ છે. માનનીય નિયામકશ્રીએ પણ આ બાબતોમાં થતો વિલંબ નિવારવા સૂચના આપેલ હોઇ ઉપરોકત વિગતોમાં રહેલ પેન્ડન્સીનો ઝૂંબેશ રૂપે ઝડપથી નિકાલ કરવાના હેતુસર નીચે મુજબ કાર્યક્રમ ગોઠવવામાં આવે છે.

૧ આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ તા. ૨/૬/૨૦૧૭ ના રોજ સુરત અને તા. ૩/૬/૨૦૧૭ના રોજ વડોદરા ઝોન તથા તા. ૬/૬/૨૦૧૭ ના રોજ રાજકોટ અને તા. ૭/૬/૨૦૧૭ના રોજ ગાંધીનગર ઝોનની સામે દર્શાવેલ જિલ્લાઓનો ઝોનવાઈઝ કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે. તે કાર્યક્રમ અનુસાર આપની કચેરીના કર્મચારીઓને અત્રે રૂબરૂ મોકલી જે તે પ્રકારના કેસો પરત મેળવી લેવાના રહેશે.

૨ આપની કચેરીના પરત મેળવેલા કેસો પરત્વે જે કોઇ કવેરી / વાંધા દર્શાવેલ હોય તે અંગે આપના જિલ્લામાં રાખેલ કેમ્પની તારીખે અત્રેથી આપેલ વાંધાઓની પૂર્તતા સાથે રજૂ કરવાના રહેશે. અત્રેની કચેરીના કર્મચારીઓ નિયત કરેલી કેમ્પની તારીખે આપના જિલ્લામાં આવી ફાઇલોની ચકાસણી કરશે તથા તેમાં જો કોઇ કેસમાં પૂર્તતા બાકી /અધૂરી જણાશે તો તેની કાર્યવાહી સ્થળ ઉપર જ કરવાની રહેશે. જેથી અત્રેની કચેરીની ટીમની મુલાકાત સમયે આવી કોઇપણ ફાઇલો અધૂરી ના હોય અને સબંધિત કર્મચારી કેમ્પના દિવસે હાજર રહે તે અગાઉથી જ સુનિશ્ચિત કરવાનું રહેશે.

ફિક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓને પાંચ વર્ષની નોકરી પૂર્ણ થયા બાદ પૂરા પગાર ધોરણમાં સમાવેલ હોય તેવા કર્મચારીઓની નવી વર્ધિત પેન્શન યોજનાની ફાઇલો પૂર્તતા અર્થે મોકલવામાં આવેલ છે તેની પણ સંપૂર્ણપણે ચકાસણી કરી તૈયાર રાખવાની રહેશે.

ઉપરોકત સમય સારણી મુજબ આપની કચેરીના સબંધિત દફતર કારકુન ધ્વારા અત્રેની કચેરીની માધ્યમિક શાખામાંથી અલગ અલગ દફતરેથી ફાઇલો મેળવી લેવાની રહેશે અને અત્રેથી મળવેલ ફાઇલો પરત્વે કાર્યક્રમની રૂપરેખાના પત્રકમાં જે સમયમર્યાદા આપેલ છે તે સમયમર્યાદામાં તમામ કાર્યવાહી પૂર્ણ કરી અત્રેની કચેરીની ટીમના જે તે ઝોનના પ્રવાસ દરમ્યાન તે ઝોનના જિલ્લાઓએ ઉકત સમગ્ર કાર્યવાહી બિનચૂક પૂર્ણ કરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

(પી.એમ.જાપીયારા)
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
રાજકોટ
આ. નં. ......................

પ્રતિ,
બિડાણ મુજબ... બિન સરકારી માધ્યમિક શાળાઓ,
તમામ - રાજકોટ

સબંધીત શાળાઓએ કેમ્પની તારીખે કરણસિંહજી હાઇસ્કુલ-રાજકોટ ખાતે જરૂરી આધારપુરાવા સાથે ઉપસ્થિત રહેવું.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ.

રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અન ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારી ઓના પેન્શન , મેડીકલ, સી.પી.એફ., રહેમરાહેના
પડતર કેસોના ઝડપી નિકાલ માટેના યોજવામાં આવનાર કેમ્પોના કાર્યક્રમની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | ઝોનનું નામ | સમાવિષ્ટ જિલ્લાઓ | પડતર કેસોની સંખ્યા | | | | નિયામકશ્રી શાળાઓની કચેરી ખાતેથી સબંધિત ઝોનના જિલ્લાઓને અધૂરાશ વાળી ફાઇલો આપવાની તારીખ પ્રથમ રાઉન્ડ | જે તે ઝોન ખાતે જિલ્લા કક્ષાએથી પૂર્તતા થયેલ ફાઇલો પરત મેળવવાની તારીખ દ્વિતીય રાઉન્ડ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | રહેમરાહે | મેડીકલ | સી.પી.એફ | પેન્શન | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | સુરત | સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, નર્મદા, અને ભરૂચ | ૩૪ | ૩૮ | ૧૨૯ | ૦૨ | તા.૨/૬/૨૦૧૭ | તા. ૧૩/૬/૨૦૧૭ થી તા. ૧૪/૬/૨૦૧૭ સુરત ખાતે | |
| ૨ | વડોદરા | વડોદરા, આણંદ, દાહોદ, ખેડા પંચમહાલ , છોટા ઉદેપુર અને મહીસાગર | ૭૧ | ૧૦૫ | ૪૦૦ | ૦૦ | તા.૩/૬/૨૦૧૭ | તા. ૧૫/૬/૨૦૧૭ થી તા. ૧૬/૬/૨૦૧૭ વડોદરા ખાતે | |
| ૩ | રાજકોટ | અમરેલી,ભાવનગર, જામનગર, જુનાગઢ, કચ્છ, પોરબંદર, રાજકોટ સુરેન્દ્રનગર, મોરબી, દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ અને બોટાદ | ૪૭ | ૧૩૩ | ૧૩૮ | ૦૮ | તા.૬/૬/૨૦૧૭ | તા. ૨૦/૬/૨૦૧૭ થી તા. ૨૧/૬/૨૦૧૭ રાજકોટ ખાતે | [illegible] |
| ૪ | ગાંધીનગર | અમદાવાદ(શ)અમદાવાદ(ગ્રા) ગાંધીનગર, મહેસાણા,પાટણ,સાબરકાંઠા,બનાસકાંઠા અને અરવલ્લી | ૬૦ | ૧૧૫ | ૮૦૮ | ૦૫ | તા.૭/૬/૨૦૧૭ | તા. ૨૩/૬/૨૦૧૭ થી તા. ૨૪/૬/૨૦૧૭ S.T.T.I. સે-૧૨ ખાતે | |
| | | કુલ | ૨૧૨ | ૩૯૧ | ૧૪૭૫ | ૧૫ | | | |

ટીમ લીડર :

| | | |
|---|---|---|
| ૧ | શ્રી સી.એચ.રાઠવા , શ્રેયાન અધિક્ષકશ્રી(માધ્યમિક) | સુરત અને વડોદરા ઝોન |
| ૨ | કુ. ઝલકબેન શેઠ શ્રેયાન અધિક્ષકશ્રી (માધ્યમિક) | ગાંધીનગર ઝોન |
| ૩ | શ્રી સંજયભાઇ ત્રિવેદી , શ્રેયાન અધિક્ષકશ્રી (મહેકમ) | રાજકોટ ઝોન |

ટીમનું નામ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી એ.આઇ.પટેલ, ઓડી. ગૃપ-૧ | સી.પી.એફ. નંબર |
| ૨ | શ્રી વી.એન.પંચાલ, સિ.કા. | મેડીકલ બિલો |
| ૩ | શ્રી જે.એન.લાંઘણોજા, સિ.કા. | રહેમરાહે સહાય |
| ૪ | શ્રી આર.જે.દેસાઇ સિ.કા. | પેન્શનના કેસો |